હથિયારો આઠ શખ્સ તૂટી પડ્યાઃ

ઈકો ચલાવવાની બાબતે બોલાચાલી પછી જોડિયામાં બે ભાઈ પર કરાયો હલ્લો

જામનગર તા.૨૩ : જોડિયાના મોટાવાસમાં વસવાટ કરતા એક યુવાનને ઈકો ચલાવવાની બાબતે જોડિયાના જ એક શખ્સ સાથે બોલાચાલી થયા પછી મંગળવારે રાત્રે તે યુવાન તથા તેના ભાઈ પર આઠ શખ્સે છરી, લાકડી, પાઈપ, ધારીયા વડે હુમલો કરી આડેધડ માર માર્યો હતો. ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા છે.

જોડિયા શહેરમાં મોટા વાસમાં રહેતા અને ડ્રાઈવીંગનો વ્યવસાય કરતા ઈશાક સુમાર ભાઈ ખીયડી ઉર્ફે માલમ નામના યુવાન મંગળવારે રાત્રે પોતાના ઘર પાસે હતા ત્યારે હુસેન ઈશા સાયચા, શકીલ ઈશા સાયચા, અયુબ કરીમ, કાસમ કરીમ સાયચા નામના ચાર શખ્સ ધસી આવ્યા હતા.

બે દિવસ પહેલાં ઈશાકના ભાઈ જુનસ સાથે ઈકો મોટર ચલાવવાના પ્રશ્ને શકીલ સાથે બોલાચાલી થઈ હતી. તેનો ખાર રાખી આ શખ્સોએ ઝઘડો શરૂ કરતા ઈશાકે તેઓને સમજાવટ કરી હતી. તેથી આ ચારેય શખ્સે ગાળો ભાંડ્યા પછી શકીલે ધારીયાથી અને અયુબે પાઈપથી, કાસમે લાકડીથી હુમલો કરી ઈશાકને માર માર્યો હતો.

આ વેળાએ હુસેન ઈશાએ છરી કાઢી હતી અને તેનો ઘા ઈશાકે ચૂકાવ્યો હતો ત્યારે જ જુનસ આવી જતાં ઉપરોક્ત ચાર શખ્સની સાથે ફારૂક કરીમ, શહેઝાદ કાસમ, હર્ષદ અયુબ, આબીદ કરીમ સાયચા આવી ચઢ્યા હતા. તેઓએ હથિયારો સાથે હુમલો કરી દીધો હતો. જેમાં જુનસને પણ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ઈશાક ઉર્ફે માલમે ગઈકાલે જોડિયા પોલીસ મથકમાં આઠેય હુમલા ખોર સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે બીએનએસ તથા જીપી એક્ટની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

ચોરાઉ વાયર સાથે બે શખ્સ ઝડપાયાઃ બેના નામ ખૂલ્યાઃ

ધ્રોલ નજીક ઈલેક્ટ્રીકના ગોડાઉનમાંથી થયેલી વીજવાયર ચોરીનો ભેદ ઉકેલાયો

જામનગર તા.૨૩ : ધ્રોલ પાસે એક હોટલ નજીક આવેલા ઈલેક્ટ્રીક સામાનના સ્ટોરમાં દશેક દિવસ પહેલાં રૂ.૭૦ હજારના એલ્યુમિનિયમ વાયરની ચોરી થઈ હતી. તેની પોલીસે શરૂ કરેલી તપાસમાં ગઈકાલે ચોરાઉ વાયર બોલેરો પીકઅપ વાનમાં લઈને નીકળેલા બે શખ્સ ઝડપાઈ ગયા છે. આ શખ્સોએ પોતાના બે સાગરિતના નામ ઓકી નાખ્યા છે. પોલીસે વાયર, બોલેરો કબજે કર્યા છે.

ધ્રોલથી રાજકોટ વચ્ચેના ધોરીમાર્ગ પર આવેલી એક હોટલ પાછળ જામનગરના એક આસામીએ પોતાના ઈલેક્ટ્રીક કામ અંગે એક સ્ટોર ભાડેથી રાખ્યો હતો. તેના ખુલ્લા પ્લોટમાં ગઈ તા.૧૨ની સવારે કોઈ શખ્સો ઘૂસી ગયા હતા.

આ શખ્સોએ ત્યાં પડેલા એલ્યુમિનિયમના વીજ વાયરના જથ્થામાંથી ૫૦૦ કિલો વીજ વાયર ઉઠાવી લીધો હતો જેની જાણ થતાં તે જગ્યાના ભાડૂતે સીસીટીવી કેમેરા ચકાસ્યા હતા. જેમાં કેટલાક શખ્સો જોવા મળ્યા હતા. પોલીસને તેની જાણ કરવામાં આવી હતી. પોલીસે રૂા.૭૦ હજારની કિંમતના વાયરની ચોરી અંગે ગુન્હો નોંધી પીઆઈ એચ.વી. રાઠોડ ના વડપણ હેઠળ સ્ટાફે તપાસ શરૂ કરી હતી.

તે દરમિયાન સીસીટીવી કેમેરામાંથી મળેલા સગડ તથા બાતમીદારો પાસેથી પ્રાપ્ત થયેલી વિગતમાં જીજે-૩૬-વી ૧૯૭૪ નંબરની બોલેરોના સગડ નીકળતા તેની આરંભાયેલી તપાસમાં તે વાહન ટંકારાથી ધ્રોલ તરફ આવતું હોવાની બાતમી મળતા પોલીસે વોચ ગોઠવી હતી. જેમાં તે વાહન આવી ચઢતા પોલીસે રોકાવી તલાશી લીધી હતી.

તે વાહનમાંથી ૫૦૦ કિલો વીજવાયરની રીંગ સાથે કચ્છના ભચાઉ તાલુકાના સામખીયારી ગામનો પ્રતિમ નાગજીભાઈ ચાઉં અને અંજારનો અર્જુન શિવરામ ખાંડેકા મળી આવ્યા હતા. પોલીસે બંનેની પૂછપરછ કરતા આ શખ્સોએ પોતાના સાગરિત અંજારના અબુબકર અસગર અલી સૈયદ તથા લાલા ગોરધન દેવીપૂજક સાથે મળી ઉપરોક્ત ચોરી કર્યાની કબૂલાત આપી છે. પોલીસે રૂા.૭૫ હજારનો વાયર તેમજ રૂા.૨ લાખની બોલેરો પીકઅપ વાન કબજે કરી બંનેની ધરપકડ કરી છે અને અબુબકર તથા લાલાની શોધ આરંભી છે. પ્રિતમ તથા અર્જુન સામે સામખીયારી પોલીસ સ્ટેશનમાં અગાઉ ૧ ગુન્હો નોંધાયેલો છે.

મીઠાપુરમાં નૂતન બાલ શિક્ષણ સંઘ શાળાનો યોજાયો ૫૧મો રમતોત્સવ

(તસ્વીરઃ નિરવ સુતરીયા)

મીઠાપુરમાં ટાટા કેમિકલ્સ સંચાલિત મીઠાપુર નૂતન બાલ શિક્ષણ સંઘ શાળાનો ૫૧ મો રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ૨૬ જેટલી વિવિધ રમતોમાં ૧૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે, કામથ, અન્ય અધિકારીઓ, પ્રિન્સિપાલ નિરવ જોશી, શર્મા, ટ્રસ્ટીઓ, રંજની કામથ, મૌસમીબેન, વાલીઓ હાજર રહ્યાં હતાં.

આગામી તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રતિવર્ષ મુજબ

જામનગર ન્યુઝ પેપર ગ્રુપ વિતરક મંડળ દ્વારા વિવિધ ધાર્મિક સ્થળોએ પ્રવાસનું આયોજન

જામનગર તા. ૨૩: જામનગર ન્યુઝ પેપર ગ્રુપ વિતરક મંડળ દ્વારા આ વરસે પણ અખબાર વિતરક ભાઈઓ માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૨૬મી જાન્યુઆરીએ સવારે ૬ વાગ્યે કાશીવિશ્વનાથ મંદિરેથી પ્રવાસ માટેની બસ ઊપડશે. સમાણા પાસે ખોડિયાર માતાજી મંદિર, ફુલનાથ મહાદેવ, સિદસર - ઊમિયાજી માતાજી મંદિર, ઢાંક ગણપતિ મંદિર અને ત્યાંથી હરિરામબાપાના આશ્રમ થઈને રાત્રે પરત આવવાનું આયોજન છે.

જે અખબાર વિતરક આ પ્રવાસમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે પ્રવિણભાઈ ગજરા (પ્રમુખ) (મો. ૯૮૨૪૪ ૫૭૮૮૭), દિનેશભાઈ સોઢા (મંત્રી) (મો. ૯૫૧૨૧ ૪૮૫૦૬), સુરેશભાઈ હકુમતા (ઉપપ્રમુખ) (મો. ૯૬૬૨૬ ૯૬૨૭૮) નો સંપર્ક કરવા જણાવાયું છે.

નવોદિત કલાકારો અને કલાસાધકો માટે

નવાનગર નેચર અને આર્ટ કલબ દ્વારા પોસ્ટર કલર માધ્યમ વર્કશોપ

જામનગર તા. ૨૩: નવોદિત કલાકારો તથા કલાસાધકો માટે 'નવાનગર નેચર અને આર્ટ કલબ' દ્વારા તા. ૨-૦૨-૨૦૨૫, રવિવારે પોસ્ટર કલર માધ્યમનો વર્કશોપ રાખવામાં આવેલ છે.

આ માધ્યમ જળરંગી જ છે પણ, જળરંગો કરતા થોડું અલગ છે. વર્કશોપમાં આ માધ્યમની તમામ ટેકનિકો, તેની ખૂબીઓ વગેરે વિશે જાણકારી આપવામાં આવશે. જાણીતા કલાકાર આશુતોષ ભેડા દ્વારા એક ડેમોસ્ટ્રેશન આપવામાં આવશે અને ત્યારબાદ, ભાગ લેનાર કલાકારો પાસે પણ આ માધ્યમમાં કામ કરાવવામાં તથા શીખવવામાં આવશે. રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૨૮-૧ છે.

આ વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છતા જામનગર જિલ્લાના વિદ્યાર્થીઓ તેમજ કલાકારોએ સંસ્થાના પ્રમુખ વિજયસિંહ જાડેજા (મો.નં. ૯૯૨૫૫ ૬૦૧૯૯)નો સંપર્ક કરવો.

સાંસદ-ધારાસભ્ય-મેયર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં

જામનગરના પ્રદર્શન મેદાનમાં આવતીકાલે નભોમંડળના વિવિધ ગ્રહોનું પ્રત્યક્ષ નિદર્શન

જામનગર તા ૨૩, જામનગરના પ્રદર્શન મેદાનમાં આવતીકાલે તા. ૨૪ જાન્યુઆરીના સાંજે ૭ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન આપણા નભોમંડળમાં રહેલા મંગળ ગ્રહ, ગુરૂ ગ્રહ, શુક્ર ગ્રહ તથા શનિ સહિતના ગ્રહોનું ટેલિસ્કોપ દ્વારા પ્રત્યક્ષ નિદર્શનનો કાર્યક્રમ ખગોળ મંડળ, જામનગર તથા એમ.ડી. મહેતા સાયન્સ સેન્ટર ધ્રોળ દ્વાર રાખવામાં આવ્યો છે.

આ નિદર્શનના કાર્યક્રમમાં જામનગર શહેર અને જિલ્લાના તમામ મહાનુભાવો ઉપસ્થિત રહીને સમગ્ર ખગોળીય ઘટનાના સાક્ષી બનશે.

જામનગરના સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યો રિવાબા જાડેજા અને દિવ્યેશભાઈ અકબરી, મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, જિલ્લા કલેક્ટર ભાવિનકુમાર પંડ્યા, મ્યુનિ. કમિશનર ડી. એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક કલેક્ટર બી.એન. ખેર, શહેર વિભાગના પ્રાંત અધિકારી પી.બી. પરમાર વગેરે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી સમગ્ર ખગોળીય ઘટનાના સાક્ષી બનશે, અને તેઓની ઉપસ્થિતિમાં પ્લેનેટ નિદર્શનનો કાર્યક્રમ યોજાશે.

જામનગર શહેર ભાજપના અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, ડિસ્ટ્રિક કો. ઓપરેટિવ બેન્કના ચેરમેન જીતુભાઈ લાલ, ડેપ્યુટી મેયર કિશાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શહેર ભાજપ શાસક જૂથના નેતા આશિષભાઈ જોશી, દંડક કેતનભાઈ નાખવા, ઉપરાંત શહેર ભાજપના મહામંત્રી પ્રકાશભાઈ બાંભણિયા, વિજયસિંહ જેઠવા, અને મેરામણભાઈ ભાટુ ઉપસ્થિત રહેશે, તેમજ જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, પોલીસ હેડ ક્વાર્ટરના ડીવાયએસપી વી.કે. પંડ્યા, સિટી એ. ડિવિઝનના પી.આઈ. એન.એ. ચાવડા સહિતના પોલીસ અધિકારીઓ આ કાર્યક્રમમાં જોડાશે.

જામનગર ખગોળ મંડળના મુખ્ય સંયોજક કિરીટભાઈ શાહ દ્વારા જામનગર શહેર અને આસપાસના વિસ્તારની ખગોળ પ્રેમી જનતાને આ ખગોળીય ઘટનાનું અત્યાધુનિક ટેલિસ્કોપના માધ્યમથી પ્રત્યક્ષ નિદર્શન કરવા માટે અનુરોધ કરાયો છે.

આ કાર્યક્રમ દરમિયાન મંગળના ગ્રહની માહિતી એમડી મહેતા સાયન્સ સેન્ટર - ધ્રોળના સંજય પંડયા દ્વારા આપવામાં આવશે, જ્યારે ગુરૂ ગ્રહ તથા શનિ ગ્રહો ની માહિતી ખગોળ મંડળ-જામનગરના કિરીટભાઈ વ્યાસ આપશે, અને શુક્રના ગ્રહ તથા આકાશના અન્ય તારાઓની માહિતી કિરીટભાઈ શાહ આપશે.

જુદા જુદા ચાર ગ્રહોને અલગ અલગ ચાર અત્યાધુનિક ટેલિસ્કોપના માધ્યમથી નિહાળી શકાય તે માટે પ્રત્યેક ગ્રહ ઉપર એક એક ટેલિસ્કોપ મૂકવામાં આવશે, અને જે ગ્રહની તમામ ગતિવિધિઓને ટેલિસ્કોપના માધ્યમથી સેટ કરીને તેની પ્રત્યેક મુવમેન્ટને દર્શાવાશે. સાથો સાથ આકાશગંગામાં રહેલા અન્ય તારાઓ વિશેની પણ માહિતી આપવામાં આવશે, અને તે તારાઓને ટેલિસ્કોપના માધ્યમથી દર્શાવવામાં આવશે.

આથી જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં રહેતા ખગોળ પ્રેમીઓએ ઉપરોક્ત તમામ પ્લેનેટ ની પરેડ વિશેની વિશેષ જાણકારી મેળવવા માટે અને ટેલિસ્કોપના માધ્યમથી તેનું પ્રત્યક્ષ નિદર્શન કરવા માટે તારીખ ૨૪મી જાન્યુઆરીના સાંજના ૭ વાગ્યાથી ૯ વાગ્યાના સમયગાળા દરમિયાન પ્રદર્શન મેદાનમાં ઉપસ્થિત રહેવા ઉપરોક્ત બંને સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

જામનગરના નભોમંડળમાં નરી આંખે દેખાતા તમામ ગ્રહોની વિસ્તૃત માહિતી

જામનગરના નભોમંડળમાં નરી આંખે જોઈ શકાતા મંગળગ્રહ, ગુરૂગ્રહ, શુક્રગ્રહ, અને શનિગ્રહ કે જે તમામ ગ્રહોની વિસ્તૃત માહિતી.

મંગળ ગ્રહ: સૂર્યથી ૨૪ કરોડ કી.મી. દૂર રહી ૭૮૭ દિવસમાં સૂર્યનું પરિભ્રમણ પૂર્ણ કરે છે. પોતાની ધરી ઉપર ૨૪.૫ કલાકમાં એક ચક્કર પૂર્ણ કરે છે. પૃથ્વીથી અર્ધો વ્યાસ ધરાવતા આ ગ્રહને બે નાના દિમોસ અને ફોર્સ નામના ચંદ્ર છે. રાતા ગ્રહ નામે ઓળખાતા આ ગ્રહના ધ્રુવ પ્રદેશ ઉપર સ્વેત અંગારવાયુનું પાત્ર વાતાવરણ છે.

શુક્ર ગ્રહ: લગભગ પૃથ્વી જેવડો વ્યાસ ધરાવતો આ ગ્રહ સૂર્યથી ૧૦.૭ કરોડ કી.મી. દૂર રહી પ્રદક્ષિણા કરે છે. આકાશ માં વધુમાંવધુ ૪૮ અંશની ઊંચાઇ હોવાથી શુક્ર આખું વર્ષ વહેલી સવારે પૂર્વ ક્ષિતિજ ઉપર અથવા સાંજે પશ્ચિમ ક્ષિતિજ ઉપર અચુક દેખાય છે. શુક્ર ગ્રહ ને ચંદ્ર ની જેમ કળા હોય છે. આ ગ્રહ સૂર્ય અને પૃથ્વી વચ્ચે હોય સમયાંતરે સૂર્યનું અધિક્રમણ કરે છે.

ગુરૂ ગ્રહ: પૃથ્વી કરતાં ૧૩૦૦ ગણો કદમાં મોટો સૂર્ય થી ૭૭.૩ કરોડ કી.મી. દૂર રહી ૧૨ વર્ષે એક પરિક્રમા પૂર્ણ કરે છે. સૂર્ય મંડળના તમામ ગ્રહોને ભેગા કરતા પણ કદમાં મોટો છે. ટેલિસ્કોપની મદદથી ચાર મોટા ચંદ્ર તથા રંગરૂપ બદલતું રાખતું કલંક (રેડ-સ્પોટ) જોવાલાયક છે. ગુરૂ દરેક રાશિમાં એક વર્ષ રહે છે.

શનિ ગ્રહ: ૧૪૨ કરોડ કી. મી. દૂર સૂર્યની પરિક્રમા ૨૯.૫ વર્ષ માં પૂર્ણ કરે છે. અક્ષય ભ્રમણ ૧૦ કલાકનું છે. ૭૬૩ પૃથ્વીને સમાવતો આ ગ્રહ પૃથ્વી કરતાં માત્ર ૯૫ ગણો ભારે છે. એટલે પાણીના તળાવ માં નાખવામાં આવે તો તે પાણી ઉપર તરે. પોતાની કક્ષાએ નમતો રહીને ફરતો હોય તેના વલયો હંમેશાં એક સરખા રૂપમાં નથી દેખાતા, ક્યારેક સરળ લીટીનું અને ક્યારેક વિસ્તૃત સપાટીનું રૂપ ધારણ કરે છે. શનિનો સૌથી મોટો ચંદ્ર ટિટાન વાતાવરણ ધરાવે છે.

યુરેનસ ગ્રહ: ૮૪ વર્ષે સૂર્યની પ્રદક્ષિણા કરતો આ ગ્રહ સૂર્યથી ૪૬૫ કરોડ કી.મી. દૂર આવેલો છે. આપણી પૃથ્વી કરતા ૬૪ ગણો મોટો છે. અને એક રાશિમાં ૭ વર્ષ રહે છે.

નેપ્ચ્યુન ગ્રહ: સૂર્યથી ૭૧૫ કરોડ કી.મી. દૂર રહી ૧૬૫ વર્ષે એક પ્રદક્ષિણા પૂર્ણ કરે છે. પૃથ્વીથી ૪૨ ગણો મોટો એક રાશિમાં ૧૪ વર્ષ રહે છે. યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહો સૂર્યથી અતિ દૂર હોય નરી આંખે જોઈ શકાતા નથી.

યુવતીનું વર્ણન, ફોટો મેળવી તપાસ આરંભાઈઃ

મેઘપરમાં વસવાટ કરતા પરિવારની પુત્રી ઘરેથી ચાલ્યા ગયાની કરાઈ જાણ

જામનગર તા.૨૩ : જામનગરના મેઘપર ગામની એક યુવતી મંગળવારે સવારે પોતાના ઘરેથી ક્યાંક ચાલી જતાં તેણીના પરિવારે પોલીસને જાણ કરી છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર આવેલા મેઘપર ગામમાં રહેતા સપનાબા વકુભા પરમાર ઉર્ફે ભૂમિ (ઉ.વ.૨૨) નામના યુવતી ગયા મંગળવારે સવારે દસેક વાગ્યે પોતાના ઘરેથી ક્યા વગર જ ચાલ્યા ગયા છે.

આ યુવતીની તેણીના પરિવારે શોધખોળ કર્યા પછી પણ પત્તો નહીં લાગતા આખરે પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે આ યુવતીનું વર્ણન તથા ફોટો મેળવી તપાસ શરૂ કરી છે. ઉપરોક્ત યુવતી અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ મેઘપર પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવો.

નિર્જન ટાપુ પર પ્રવેશ કરવામાં આવ્યો છે પ્રતિબંધિતઃ

ઓખાના ખારા મીઠા ચુસણા ટાપુ પર ગયેલા સલાયાના આઠ શખ્સ સામે ગુન્હા નોંધાયા

જામનગર તા.૨૩ : ઓખાના દરિયામાં આવેલા ખારા મીઠા ચુસણા ટાપુ પર વગર મંજૂરીએ ગયેલા સલાયાના આઠ શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. આ શખ્સો સામે પોલીસે ખુદ ફરિયાદી બની જુદા જુદા બે ગુન્હા નોંધ્યા છે. નિર્જન ટાપુ પર પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવ્યો હોવા છતાં આ શખ્સો તે ટાપુ પર પહોંચ્યા હતા.

ઓખા મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા દરિયામાં ગઈકાલે કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન ગોપ ગોરીસા નામની માછીમારી બોટ ઓખા નજીકના ખારા મીઠા ટાપુ પાસે લાંગરેલી જોવા મળી હતી. તેથી પોલીસ ટીમ ખારા મીઠા ચુસણા ટાપુ પર તપાસાર્થે પહોંચી હતી.

તે ટાપુ પરથી સલાયાનો તવસીન જુનસ સંઘાર, અસગર જુનસ સંઘાર, હારૂન કાસમ સુંભણીયા, ફયાઝ દાઉદ ચબા, ગની રઝાક ગંઢાર, ઈમરાન દાઉદ ગાઝીયા, આબીદ સલેમાન સુંભણીયા, હસન મામદ સંઘાર નામના આઠ શખ્સ મળી આવ્યા હતા.

દ્વારકા જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં આવેલા નિર્જન ટાપુ પર જવાની મનાઈ ફરમાવતું જાહેરનામુ અમલી હોવા છતાં ત્યાં મંજૂરી વગર જ ગયા હોવાનું ખૂલ્યું છે. પોલીસે ખુદ ફરિયાદી બની આઈએનડી જીજે-૩૭ એમએમ ૮૮૫ નંબરની બોટમાં ગયેલા તમામ સામે જાહેરનામા ભંગ તેમજ સેફ્ટીના સાધનો રાખ્યા વગર જોખમી રીતે ટાપુ પર જવા અંગે જુદા જુદા બે ગુન્હા નોંધ્યા છે.

વાડીનાર કોસ્ટગાર્ડ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

(તસ્વીરઃ હિરેન દત્તાણી)

વાડીનાર તા. ૨૩: ભારતીય કોસ્ટગાર્ડ મથક વાડીનાર દ્વારા કોસ્ટ ગાર્ડના ૪૯માં સ્થાપના દિવસ નિમિત્તે વાડીનાર કોસ્ટગાર્ડ પરિશરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કસ્ટમ વિભાગના અધિક કમિશનર હરિકરપાલ ખટાણા, ચીફ ફાયર ઓફિસર કે.કે. બિશ્નોઈ, કોસ્ટ ગાર્ડના અધિકારીઓ, કર્મચારીઓ વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ઈકો સીસ્ટમના મહત્વ વિષે જાગૃતિ લાવવા, ઈકોલોજીકલ અધોગતિને રોકવા અને પર્યાવરણની જાળવણીને પ્રોત્સાહન માટે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

- ★ કેન્દ્રીય કેબિનેટે રાષ્ટ્રીય આરોગ્ય મિશનને આગામી પાંચ વર્ષ માટે ચાલુ રાખવા મંજૂરી આપી.
- ★ ઈપીએફઓએ નવેમ્બર-૨૦૨૪ માં ૧૪.૬૩ લાખ નવા સભ્યો જોડ્યા.
- ★ એચ-૧ બી વિઝા બંધ નહીં થાય: રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જાહેરાત.
- ★ મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ પરિસરના સરવે પર રોક યથાવત રાખતી સુપ્રિમ કોર્ટ.
- ★ છત્તીસગઢમાં સગીરા સાથેના રેપ મર્ડર કેસમાં પાંચ દોષિતોને મૃત્યુદંડની સજા.
- ★ વિશ્વભરના એનઆરઆઈની સંપત્તિમાં તોતિંગ વધારો: રૂા. ૧,૮૪,૫૦૦ કરોડની અંદાજીત સંપત્તિ સાથે લક્ષ્મી મિત્તલ ટોચ પર: એચએસબીસી હુરૂન ગ્લોબલ ઈન્ડિયન્સ રિચ લિસ્ટ-૨૦૨૪ ની જાહેરાત.
- ★ ઉત્તરાખંડના જંગલમાં ભીષણ આગ: ૧ કિ.મી.નો વિસ્તાર ખાક.

નવીનગરીમાંથી બોટલ ઝડપાઈઃ

કાલાવડના શિશાંગ ગામ પાસેથી ઈંગ્લીશ દારૂની ત્રણ બોટલ મળી

જામનગર તા.૨૩ : કાલાવડના શિશાંગ ગામ પાસે પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક શખ્સને ઈંગ્લીશ દારૂની ત્રણ બોટલ સાથે પકડી પાડ્યો છે. જ્યારે ઓખાની નવીનગરી નજીકથી બોટલ સાથે એકની અટકાયત કરાઈ છે.

કાલાવડ તાલુકાના શિશાંગ ગામથી નિકાવા ગામ તરફ જવાના રસ્તા પરથી ગઈકાલે પસાર થતાં શિશાંગ ગામના જયદીપસિંહ ગજરાજસિંહ જાડેજા નામના શખ્સને રોકાવી પોલીસે ચેક કરતા તેના કબજામાંથી ઈંગ્લીશ દારૂની ત્રણ બોટલ મળી આવી હતી. પોલીસે રૂા.૧૫૦૦ની બોટલ કબજે કરી જયદીપસિંહની ધરપકડ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળમાં નવીનગરી પાસેથી ગઈકાલે સાંજે કેશુભા રાજાભા માણેક નામના શખ્સને ઈંગ્લીશ દારૂની એક બોટલ સાથે પોલીસે પકડી લીધો છે.

રકમ પરત આપવા આપ્યો હતો ચેકઃ

જામનગરના આસામી સામે બે લાખના ચેક પરતની રાવ

જામનગર તા.૨૩ : જામનગરના એક આસામીએ પોતાના મિત્ર સામે રૂા.૨ લાખ ના ચેક પરત ફરવા અંગેની ફરિયાદ નોંધાવી છે.

જામનગરના પરિમલ વિજયભાઈ ગોહિલ નામના આસામીએ પોતાના મિત્ર તક્ષ પ્રતાપભાઈ ગોસાઈને રૂા.૨ લાખ સંબંધદાવે ઉછીના આપી ચેક મેળવ્યો હતો.

તે ચેક બેંકમાંથી પરત ફરતા નોટીસ પાઠવ્યા પછી પરિમલ ગોહિલે અદાલતમાં નેગો. ઈન્સ્ટ્ર. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી તરફથી વકીલ ઉમર લાકડાવાલા રોકાયા છે.

પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

'રી અને રેફ્. સ્ટોલ' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન

ઉપરોક્ત સંદર્ભમાં, 'રી અને રેફ્. સ્ટોલ' ના કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યા છે. IREPS વેબસાઈટ પર માહી પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે

કેટલોગ નં	કરારના પ્રકારો	લોટ નં.	કરાર સમયગાળો	લોટ સમાપ્તિ તારીખ સમય
E-CTG-1-2025	રિ અને રેફ્. સ્ટોલ	CATG-RJT-SUNR-SUM-8-24-2 (કેટરિંગ - ખાસ નાના એકમ (SMU))	05 વર્ષ	પ્રથમ લોટ માટે ઈ-ઓક્શન 07.02.2025 સવારે 15:30 વાગ્યે શરૂ થશે. [illegible]
		CATG-RJT-HAPA-SUM-9-24-1 (કેટરિંગ - ખાસ નાના એકમ (SMU))		[illegible]
		CATG-RJT-DWK-SUM-12-25-1 (કેટરિંગ - ખાસ નાના એકમ (SMU))		[illegible] IREPS [illegible]

157

facebook.com/WesternRly - twitter.com/WesternRly